# ગાંધીજીના સહાધ્યાયી, ગોંડલના દીવાન **પ્રાણશંકર જોશી**

આઝાદી પહેલાંના સમયમાં ગોંડલ રાજ્ય એ સૌરાષ્ટ્રમાં આવેલું જાડેજા વંશનું પ્રથમ વર્ગનું રાજ્ય હતું. મહારાજા ભગવતસિંહજીએ ઇ.સ. ૧૮૮૪ થી ૧૯૪૪ એમ કુલ ૬૦ વર્ષ સુધી ગોંડલની રાજગાદી શોભાવી હતી. તેઓ પોતાના કે રાજ્યના દરેક કાર્યમાં ગોંડલના વિકાસને જ બધી બાબતો કરતાં મહત્ત્વની ગણતા હતા. તેથી જ તેમનું સૂત્ર હતું 'ગોંડલ, સૌથી પ્રથમ.' એ સૂત્રે જ ગોંડલને સુખી, સમૃદ્ધ, સુસંગઠિત, આદર્શ રાજ્ય બનાવ્યું હતું. ગોંડલને આવું આદર્શ રાજ્ય બનાવવામાં મહારાજા ભગવતસિંહજી ઉપરાંત તેમના દીવાનનું પણ યોગદાન મહત્ત્વનું રહ્યું હતું. પ્રાણશંકર ભવાનીશંકર જોષી તેમના ખૂબ જ વિશ્વાસુ દીવાન હતા. આ પ્રાણશંકર જોષી ગાંધીજીની સાથે ભણેલા.

પ્રાણશંકર જોષી ઉંમરમાં ગાંધીજી કરતાં મોટા હતા. તેઓનો જન્મ ૧૮મી ડિસેમ્બર ૧૮૬૭ના રોજ તેમના મોસાળ ગોંડલ પાસેના ચોરડી ગામે થયો હતો. પ્રાણશંકરભાઇના પિતા ભવાનીશંકર જ્યોતિષ તથા બ્રાહ્મણવૃત્તિ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ભવાનીશંકરભાઇને આ વ્યવસાય પ્રત્યે અણગમો હતો. આથી જ તેઓ પ્રાણશંકરભાઇને ભણાવવા માગતા હતા. પરિવારજનોની નારાજગી છતાં તેઓ ૧૮૭૦માં બાપ-દાદાનું મોટી ખિલોરી ગામ છોડી ગોંડલ ગયા હતા. ગોંડલમાં તેઓને પોસ્ટ ખાતાની નોકરી મળી ગઇ. પરંતુ વારંવાર બદલી થતી હોવાને કારણે પુત્ર પ્રાણશંકરનો અભ્યાસ ન બગડે એ આશયથી ૧૮૮૪માં પ્રાણશંકરભાઇને ભણવા માટે રાજકોટની કાઠિયાવાડ હાઇસ્કૂલમાં દાખલ કર્યા હતા.

રાજકોટની આજની મોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઇસ્કૂલ) એ સમયે કાઠિયાવાડ હાઇસ્કૂલના નામે ઓળખાતી હતી. ભાવનગરના દીવાન તરીકે દેશભરમાં નામના મેળવનાર સર પ્રભાશંકર પટ્ટણી, સાહિત્યકાર બ.ક. ઠાકોર, મોહનદાસ કરમચંદ ગાંધી (ગાંધીજી) એ સમયે આ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. પ્રાણશંકરભાઇ જોશીએ સ્વહસ્તે પોતાના ગાંધીજી સાથેના અભ્યાસકાળનાં સ્મરણો લખેલા છે. તેમાંથી થોડો ભાગ જોઇએ :

''ઇ. ૧૮૮૪માં ગોંડલમાં અંગ્રેજી ધોરણ ત્રીજું પૂરું કરી રાજકોટ બીલગાડીમાં ગયો. અને ત્યાંની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં ચોથા ધોરણમાં દાખલ થયો. પ્રિય ભાઇશ્રી મોહનદાસ મારી પાછળ એકાદ ધોરણ હતા. તે વખતે ફૂટબોલ રમવાનો હાઇસ્કૂલના વિદ્યાર્થીઓમાં ઘણો શોખ હતો. ભાઇશ્રી મોહનદાસને રમતનો બહુ શોખ નહોતો.

ઇ. ૧૮૮૮ની પહેલી ટર્મમાં બંને રાજકોટથી પગરસ્તે સાંઢિયા ગાડીમાં ભાવનગર સામળદાસ કોલેજમાં જવા સાંજે નીકળી બીજે દિવસે પ્રભાતમાં જેતપુર ધર્મશાળામાં પહોંચ્યા. રેલવે સ્ટેશન લગભગ અરધો માઇલ દૂર હતું અને ભાવનગર જવાની ગાડી લગભગ આવી પહોંચવાની હતી, તેથી અમે બેઉ ધર્મશાળામાંથી દોડ્યા. મારી પાસે કપડાં-ચોપડીનું કંતાનનું પાકીટ હતું, તે મારાથી ઊપડી શકે તેમ ન હોવાથી ભાઇ મોહનદાસે પોતે ઊપાડ્યું. તેના પગમાં સપાટ પહેર્યાં હતાં, છતાં દોડતાં હાંફતાં ગાડી જેવી પોરબંદરથી આવી કે અમે પહોંચી ગયા. મારા પર ભાઇશ્રીનો ઘણો સ્નેહ હતો અને તે આખી જિંદગી ટકાવી રહ્યા હતા.

ભાવનગરમાં વડવા પરામાં રામમંદિરમાં ભાઇ મોહનદાસ રસોયા સાથે રહેતા હતા. કોલેજમાં મેથમેટિકસના પ્રો. ફરદુનજી મેરવાનજી દસ્તુર અમને ગણિત શીખવતા. વિદ્યાર્થીઓ પ્રત્યે અતિશય પ્રેમ રાખતા. આલજિબ્રીના દાખલા પાટિયા ઉપર વિદ્યાર્થીઓ પાસે ગણાવતા. દરરોજ તેઓ ભાઇ મોહનદાસને પાટિયા પાસે આવવા કહેતા અને તે તેમ કરવા નાડતા. તે કહેતા : ''સાહેબ, આલજિબ્રા આવડતી નથી. અને હું દાખલા ગણવા પ્રયત્ન કરીશ નહીં, કારણ તેમ કરવું નકામું છે.'' દસ્તુરજી કહે કે તમે ઠીક પડે એમ દાખલો શરૂ કરો. જવાબમાં 'દા સાહેબ, તેમ કરવા



**વિશેષ**

**રાજેન્દ્ર દવે**

હું રાજી નથી.' તે પછી કોઇ દિવસ ભાઇશ્રીએ ગણિત તરફ લક્ષ આપ્યું નહોતું. ટર્મ પૂરી થવાને થોડા દિવસની વાર હતી ત્યાં વડવામાં કોલેરાનો ઉપદ્રવ થયો.



**પ્રાણશંકર જોશી**

કોલેજ તરફથી, ઘેર જવું હોય તેને રજા આપવામાં આવી, પરંતુ મોહનદાસે હઠ લીધી કે હું તો ટર્મના છેલ્લા દિવસ સુધી હાજરી આપી છેવટે ભાવનગર છોડીશ. તે નિશ્ચયને વળગી રહ્યા.

ઇ. ૧૮૮૮ની બીજી ટર્મથી મોહનદાસ કોલેજમાં પાછા આવ્યા નહોતા, પરંતુ ઇંગ્લેન્ડ બેરિસ્ટર થવા ગયા હતા. બેરિસ્ટર થઇ મુંબઇ આવેલા ત્યારે ગીરગામમાં શેઠ કેશવજી તુલસીદાસની વાડીમાં તેઓને જમણ આપવામાં આવ્યું હતું. રેશમી પીતાંબર પહેરી મોહનદાસ જમતાં પહેલાં સૌ સાથે વાતો કરતા હતા. મેં પૂછ્યું કે વિલાયતમાં તમારા ઉપર કેવા વિદ્વાનની ઊંડી અસર થયેલી ? તેણે કહ્યું કે, 'કાર્ડીનલ ન્યુમેનની.' તેનાં તેમણે ઘણાં વખાણ કર્યાં હતાં.''

રાજકોટની કાઠિયાવાડ હાઇસ્કૂલમાં ભણેલા પ્રાણશંકરભાઇ ૧૮૮૭માં સહાધ્યાયીઓ સાથે મેટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ ગયા હતા. તે વખતમાં રાજકોટથી વઢવાણ ટ્રેન ન હોવાથી ઘોડાગાડીમાં અને વઢવાણથી વીરમગામ થઇને અમદાવાદ બ્રોડગેજ રેલવેમાં મુસાફરી કરી હતી.

મેટ્રિક ખાસ કરીને ૧૮૮૮માં પ્રાણશંકરભાઇ ગાંધીજી સાથે કોલેજના અભ્યાસ માટે ભાવનગર જવા રાજકોટથી જેતપુર સુધી ઊંટગાડીમાં અને ત્યાંથી ભાવનગર ટ્રેનમાં ગયા હતા.

૧૮૮૮માં પ્રાણશંકર જોશીએ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પાસ કરી. કોલેજકાળ દરમિયાન તેમને આઠ રૂપિયાની સ્કોલરશિપ મળતી હતી. બી.એ.ની ટર્મ ભરવા તેઓ મુંબઇ ગયેલા અને એલ્ફિન્સ્ટન કોલેજમાંથી ૧૮૯૨માં બી.એ. થયા. ૧૮૯૩-૯૪માં તેમણે રાજકોટની કાઠિયાવાડ હાઇસ્કૂલમાં નોકરી કરી હતી. ૧૮૯૫માં મુંબઇ ગયા અને ત્યાં ગોકળદાસ તેજપાળ હાઇસ્કૂલમાં શિક્ષકની નોકરી કરીને બે વર્ષ એલએલ.બી.નો અભ્યાસ કર્યો.

આ અરસામાં ગોંડલના રાજવી સર ભગવતસિંહજીએ ગ્રાસિયાઓના કુમારોને શિક્ષણ આપવાના ઇરાદાથી ગ્રાસિયા કોલેજ શરૂ કરી. ગોંડલ રાજ્યના તેજસ્વી માનવરત્નો ગોંડલમાં જ રહેવા જોઇએ એવું ઇચ્છતા ભગવતસિંહજીએ પ્રાણશંકરભાઇ ગોંડલના વતની હોવાથી તેમને ગ્રાસિયા કોલેજમાં જોડાવા આમંત્રણ આપ્યું. તે સ્વીકારી ૧૮૯૭માં પ્રાણશંકરભાઇ ગ્રાસિયા કોલેજમાં ચીફ આસિસ્ટન્ટ તરીકે નોકરીમાં જોડાયા. બાદમાં તેઓ કોલેજના પ્રિન્સીપાલ બન્યા હતા.

મહારાજા ભગવતસિંહજી કાઠિયાવાડના પ્રજાવત્સલ વિદ્વાન રાજવી તરીકે સારી નામના ધરાવતા હતા. બ્રિટનની પબ્લિક સ્કૂલોના ધોરણે એમણે ગોંડલની ગ્રાસિયા કોલેજની સ્થાપના કરી હતી. રાજ્યના ઉચ્ચાધિકારીઓની ભરતી ગ્રાસિયા કોલેજના શિક્ષકોમાંથી કરવાનો આગ્રહ રાખતા. આથી જ ૧૯૦૬માં પ્રાણશંકરભાઇને રાજ્યના શિક્ષણખાતાના વડા તરીકે નિમણૂક આપવામાં આવી હતી. ૧૯૧૦માં તેમને હજુર સેક્રેટરી નીમ્યા હતા. ૧૯૨૨માં દીવાન રણછોડલાલ પટવારી નિવૃત્ત થતાં તેમની જગ્યાએ ગોંડલ રાજ્યના દીવાન તરીકે પ્રાણશંકરભાઇને પસંદ કરવામાં આવ્યા હતા. આ પદે તેઓએ ૨૬ વર્ષ સુધી સેવા આપી હતી. ઇ. ૧૯૪૮માં ૮૧ વર્ષની વયે તેઓએ આ પદેથી નિવૃત્તિ લઇ લીધી હતી.

અતિશય ગરીબાઇમાં પણ શિક્ષણનો આગ્રહ રાખીને આપબળે આગળ આવીને તેઓ ગોંડલના દીવાન જેવા ઉચ્ચ પદે તેઓ પહોંચ્યા હતા. ગરીબાઇમાં જીવનની શરૂઆત કરી હોવાથી તેમણે ગરીબ સ્થિતિના વિદ્યાર્થીઓને ગુપ્ત રીતે કોલેજ તથા પરીક્ષાની ફી આપતા. ઇ.સ. ૧૯૫૮ના જૂન મહિનાની પહેલી તારીખે ૯૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. (માહિતી : પદ્મનાભ જોશી)